ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

વર્ષ ૨૦૧૮થી આચરાયેલું કૌભાંડ | મકાનોના નામે લાખો ખંખેર્યા છતાં કબજો કે દસ્તાવેજ ન મળ્યા , લોકો પોતાના ઘરમાં જવા દીવાલ કૂદવા મજબૂર

નડિયાદમાં 'પ્રવાસી' આવાસ યોજનાના નામે ₹4 કરોડની મહાઠગાઈ

કોંગ્રેસ-ભાજપના પૂર્વ નેતાઓએ ૫૦થી વધુ પરિવારોને રઝળાવ્યાં, પીડિત પરિવારોએ કલેક્ટરને આવેદન આપ્યું



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

રાજકીય વગ ધરાવતા તત્વો દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના નિરાધાર લોકોને લક્ષ્ય બનાવી આચરવામાં આવતી છેતરપિંડીનો વધુ એક આઘાતજનક કિસ્સો નડિયાદમાં પ્રકાશમાં આવ્યો છે. યોગીનગરની સીમમાં 'પ્રવાસી-2' અને 'પ્રવાસી-3' નામની સ્કીમ મૂકીને કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર અને ભાજપના પૂર્વ હોદ્દેદારે 50થી વધુ મધ્યમવર્ગીય પરિવારો તથા મુક્તિફોજ પંથના ધર્મગુરુઓ સાથે 4 કરોડ જેટલી માતબર રકમની ઠગાઈ આચરી છે. પૂરેપૂરા નાણાં ચૂકવી દીધા હોવા છતાં 8 વર્ષથી કબજો ન મળતા અને સ્થાનિક પોલીસની ઢીલી કામગીરીથી કંટાળીને આખરે પીડિતોએ કલેક્ટર કચેરીએ મોરચો માંડી ઉગ્ર આવેદનપત્ર પાઠવ્યું છે.

નડિયાદની યોગીનગરની સીમમાં આવેલી જેસીંગભાઈ રણછોડભાઈ તળપદાની માલિકીની જમીન પર નડિયાદના કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર જતીન પ્રવાસી તથા ભાજપના પૂર્વ હોદ્દેદાર અને પૂર્વ ભાજપી કાઉન્સિલરના પુત્ર હારૂનશા જુમ્માશા દિવાન દ્વારા પ્લોટ તથા મકાનની સ્કીમ મૂકવામાં આવી હતી. વર્ષ 2018 થી 2026 દરમિયાન આ ઈસમોએ મકાનની કિંમત 12 લાખથી લઈને 20 લાખ સુધી નક્કી કરી લોકો પાસેથી રોકડા તેમજ બેંક લોન મારફતે નાણાં વસૂલી લીધા હતા. આમ આશરે 50થી વધુ પરિવારો પાસેથી અંદાજે 4 કરોડ જેટલી રકમ પચાવી પાડવામાં આવી છે.

આ કૌભાંડમાં નાણાં પૂરેપૂરા મેળવી લીધા હોવા છતાં આજદિન સુધી લોકોને મકાનનો વેચાણ દસ્તાવેજ કે કબજો આપવામાં આવ્યો નથી. મકાનોના નામે માત્ર કાચા ખોખા જેવા બાંધકામ ઊભા કરાયા છે, જેમાં લાઈટ, પાણી કે ગટર લાઈનની કોઈ સુવિધા નથી. જેથી પીડિતોએ પોતે ખર્ચ કરીને પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવી પડી છે. આટલું ઓછું હોય તેમ, સ્કીમની ચારેબાજુ દીવાલ ચણી દેવાતા અવરજવર માટે રસ્તો જ રાખવામાં આવ્યો નથી, જેના કારણે સ્થાનિકોને પોતાના જ ઘરમાં પ્રવેશવા દીવાલ કૂદવી પડે તેવી શરમજનક સ્થિતિ સર્જાઈ છે. સૌથી મહત્વની બાબત એ છે કે, મકાન ખરીદવા માટે મોટાભાગના પરિવારોએ બેંકમાંથી લોન લીધી હતી. આઠ વર્ષ વીતી જવા છતાં કબજો ન મળતા એક તરફ બેંકના હપ્તા અને બીજી તરફ રહેવાના ભાડાં ચુકવવા પડી રહ્યા છે. આ બેવડા આર્થિક બોજ હેઠળ મધ્યમવર્ગીય પરિવારોની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે.

આરોપીઓને પકડવાની કામગીરી ચાલુ

નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનના દિનેશસિંહ ઝાલાના જણાવ્યા મુજબ, ફરિયાદીઓ અને ભોગ બનનારાઓના નિવેદન લેવામાં આવ્યા છે. આરોપીઓ ત્યાં તપાસ ચાલુ છે, તેમના સીડીઆર કઢાવવામાં આવ્યા છે અને વહેલી તકે તેઓને પકડી પાડવામાં આવશે.

રાજકીય વગનો રોફ જમાવી ધાકધમકી આપવાનો આક્ષેપ

પીડિત પરિવારોના જણાવ્યા અનુસાર, જ્યારે તેઓ પોતાના હકના નાણાં કે મકાનનો કબજો માગવા જાય છે ત્યારે બિલ્ડરો રાજકીય અને પોલીસ તંત્રમાં મોટી ઓળખાણ હોવાનો રોફ જમાવે છે. કાયદાનો કોઈ ડર રાખ્યા વિના ગરીબ પરિવારોને ધાકધમકીઓ આપી અસામાજિક તત્વો જેવું વર્તન કરાતું હોવાનો ગંભીર આક્ષેપ પણ ભોગ બનનારાઓએ કર્યો છે.

પોલીસની નિષ્ક્રિયતા સામે જનરોષ

આ સમગ્ર મામલે પીડિત પરિવારોએ નડિયાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હોવા છતાં પોલીસ દ્વારા આરોપીઓ સામે કોઈ કડક પગલાં લેવામાં આવ્યા નથી. પોલીસની આ ઢીલી નીતિથી રોષે ભરાયેલા 15થી 20 ભોગ બનનારા પરિવારોએ એકઠા થઈને કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું. પીડિતોએ ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું હતું કે જો તંત્ર દ્વારા આરોપીઓ સામે તાત્કાલિક કડક પગલાં ભરવામાં નહીં આવે તો છેતરાયેલા પરિવારોને આપઘાત કરવાનો વારો આવશે.

આણંદમાં લાંચ લેતાં પકડાયેલો વચેટિયો ૪ દિવસના રિમાન્ડ પર

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ ઓફિસ બહાર જ ૨ લાખની લાંચ સ્વીકારતા પકડાયો હતો



(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદ શહેરમાં બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવાના અને ધરપકડ ન કરવાના બદલામાં રૂપિયા ૨ લાખની લાંચ લેતાં ઝડપાયેલા પીએસઆઈના વચેટિયા દિલીપ ઉર્ફે દીપુ પટેલના કોર્ટે ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. અમદાવાદ એસીબીની ટીમે એસ.ઓ.જી. શાખાના પીએસઆઈ વી.એન. રાઠોડના વચેટિયાને ૨ લાખની લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથે ઝડપી પાડ્યો હતો.

આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનામાં ફ્રીઝ થયેલ બેંક એકાઉન્ટને અનફ્રીઝ કરવા અને ધરપકડ ન કરવાના બદલામાં એસ.ઓ.જી. શાખાના પીએસઆઈ વી.એન. રાઠોડ અને તેમના વચેટિયા દિલીપ ઉર્ફે દીપુ પટેલે ૨ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ મામલે અમદાવાદ એસીબીનો સંપર્ક કર્યો હતો.

એસીબી દ્વારા ગોઠવાયેલા છટકા દરમિયાન ગુરુવારે વચેટિયો દિલીપ પટેલ આણંદ એસ.ઓ.જી. ઓફિસના દરવાજા પાસે આવેલી પોતાની મારુતિ સિયાળ કારમાંથી લાંચની ૨ લાખ રૂપિયાની રકમ સ્વીકારતાં રંગેહાથે ઝડપાઈ ગયો હતો. જોકે, રેડ દરમિયાન આરોપી પીએસઆઈ વી.એન. રાઠોડ સ્થળ પર હાજર મળી આવ્યા ન હતા.

આ કાર્યવાહી દરમિયાન પંચોની ઉપસ્થિતિમાં આરોપીની કારની તલાશી લેવામાં આવતાં તેમાંથી શંકાસ્પદ રોકડા રૂપિયા ૪૯ લાખ જેટલી મોટી રકમ પણ મળી આવી હતી. એસીબી દ્વારા આરોપી દિલીપ ઉર્ફે દીપુ પટેલને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં, ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને કોર્ટે આગામી ઉજી નવેમ્બર ૨૦૨૬ સુધીના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. એસીબી દ્વારા આ મામલે આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આણંદમાં સ્ટેટ GST કાર કોટિંગ કરતી પેઢી પર પહોંચી

દિવાળી ટાણે સર્ચ ઓપરેશનથી વેપારી આલમમાં ફફડાટ

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદમાં દિવાળીના તહેવારો ટાણે જ સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશનનો દોર શરૂ કરવામાં આવતાં વેપારી આલમમાં ભારે દોડધામ મચી ગઈ છે. અમદાવાદ સ્ટેટ જીએસટીની અન્વેષણ વિભાગની ટીમે નવી કાર પર કોટિંગનું કામ કરતા મોટા રિટેલરો અને આઉટલેટ્સને ઝપટે લીધા છે અને જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી હતી.

પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર, આણંદમાં ત્રણેક સ્થળોએ સ્ટેટ જીએસટી દ્વારા એકસાથે સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી માટે ઉચ્ચ અધિકારીઓ અને ઈન્સ્પેક્ટરોની વિશેષ ટીમો બોલાવાઈ હતી. નવી કાર ઉપર સિરામિક કોટિંગ કરાવવું અત્યંત મોંઘું હોય છે અને તેના પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે. પ્રાથમિક સર્વેમાં આ ક્ષેત્ર સાથે સંકળાયેલા આઉટલેટ્સ દ્વારા મોટાપાયે ટેક્સ ચોરી કરવામાં આવતી હોવાની વિગતો સપાટી પર આવ્યા બાદ આ તવાઈ બોલાવાઈ છે.

આ સર્ચ ઓપરેશન દરમિયાન અધિકારીઓ દ્વારા કમ્પ્યુટર હાર્ડડિસ્ક, ડિજિટલ ડેટા, હિસાબી ચોપડા અને શંકાસ્પદ કાચી ચિઠ્ઠીઓ કબજે લેવામાં આવી છે. આ તપાસ પૂર્ણ થયા બાદ મોડી રાત સુધીમાં કરચોરીનો મોટો આંકડો અને સંકળાયેલી પેઢીઓના નામો જાહેર થવાની શક્યતા અધિકારીઓ દર્શાવી રહ્યા છે. આગામી દિવસોમાં પણ આ કાર્યવાહી ચાલુ રહેવા જાણવા મળ્યું છે.

અમદાવાદ-ઇન્દૌર હાઇવેની આડમાં રાતના અંધારામાં વન સંપદાનું કતલેઆમ

ચરોતરમાં લાકડા માફિયાં માટે કઠલાલ 'એપી સેન્ટર' બન્યું

ભ્રષ્ટ અધિકારીઓના માસિક હપ્તાના કારણે વન વિભાગ અને આરટીઓ તંત્રનું મૌન



(પ્રતિનિધિ) નડિયાદ, તા.૩૦

ખેડા જિલ્લાના કઠલાલ પંથકમાં લાકડા માફિયાઓએ બેફામ બનીને પર્યાવરણના વિનાશનો ખુલ્લેઆમ ખેલ શરૂ કર્યો છે, જેમાં કઠલાલ હવે આ ગેરકાયદે પ્રવૃત્તિઓનું મસમોટું 'એપી સેન્ટર' બની ચૂક્યું છે. વહીવટી તંત્રની મીઠી નજર અને ભ્રષ્ટ અધિકારીઓને અપાતા નિયમિત હપ્તાના જોરે દરરોજ રાત્રે આસપાસના ગામો તેમજ અન્ય જિલ્લાઓમાંથી કાપેલા લાકડાનો મસમોટો જથ્થો કઠલાલની સો મિલોમાં ઠાલવવામાં આવી રહ્યો છે. કાયદાનું પાલન કરાવવા માટે જવાબદાર તંત્ર હપ્તાખોરીના રંગે રંગાઈને માત્ર મુકપ્રેક્ષક બની આ કાળા કારોબારનો તમાશો જોઈ રહ્યું છે.

ચરોતર પંથકના જંગલ અને બિનજંગલ વિસ્તારોમાંથી વૃક્ષો કાપી તેનું કાળાબજાર કરવાનું બહુ મોટું નેટવર્ક સક્રિય બન્યું છે. કઠલાલ ચોકડી અને તેની આસપાસ ધમધમતી સો મિલોમાં સ્થાનિક વૃક્ષો ઉપરાંત આસપાસના શહેરો અને જિલ્લાઓમાંથી ગેરકાયદે કાપેલા લાકડાનો જથ્થો રાતના અંધારામાં ઠાલવીને ખુલ્લેઆમ હરાજી ચલાવવામાં આવે છે. વન સંપદાની આ નિલામીથી પર્યાવરણને પારાવાર નુકસાન પહોંચી રહ્યું છે.

કઠલાલ પાસેથી પસાર થતો અમદાવાદ-ઇન્દૌર મુખ્ય હાઇવે આ ગેરકાયદે હેરાફેરી માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. હાઇવે પર સતત અવરજવરનો લાભ ઉઠાવી રાત્રે ટ્રેક્ટર અને ટ્રકો મારફતે ગેરકાયદે લાકડાં કોઈપણ રોકટોક વગર સો મિલો સુધી પહોંચાડાય છે. માર્ગ પર તપાસ કરવાની જે અધિકારીઓની પ્રાથમિક ફરજ છે, તેઓ માસિક હપ્તાના કારણે લીલી ઝંડી આપી દે છે.

આરટીઓ વિભાગની વિવાદાસ્પદ રહેમનજર હેઠળ હેરાફેરી

કઠલાલ પંથકમાં લાકડાની ગેરકાયદે હેરાફેરીમાં આરટીઓ વિભાગની સીધી સંડોવણી અને રહેમનજર સ્પષ્ટ દેખાઈ રહી છે. અમદાવાદ-ઇન્દૌર હાઇવે પર રાત્રિના સમયે ક્ષમતા કરતા વધુ ઓવરલોડ લાકડા ભરીને બેફામ ગતિએ દોડતા વાહનો સામે કોઈ જ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી. ગંભીર અકસ્માત સર્જી શકે તેવા આ ઓવરલોડ વાહનો સામે માસિક હપ્તાના કારણે આરટીઓ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

સો મિલોમાં રજિસ્ટર નિભાવવામાં ખુલ્લી લાલિયાવાડી

નિયમ મુજબ સો મિલમાં આવતા લાકડાનો જથ્થો, તેની જાત, વજન, પ્રાપ્તિસ્થાન અને વેચાણના હિસાબની દૈનિક સચોટ નોંધ રજિસ્ટરમાં રાખવી ફરજિયાત છે. પરંતુ આ નિયમની કોઈ ચુસ્ત અમલવારી ન થતાં સંચાલકોને ગેરરીતિ આચરવાનું મોકળું મેદાન મળી ગયું છે. વન વિભાગ દ્વારા ક્યારેય કોઈ સ્થળ તપાસ કરાતી નથી અને માત્ર બાતમી મળે તો કાર્યવાહી કરવાના પોકળ બહાના હેઠળ અધિકારીઓ પોતાની ફરજમાંથી છટકી રહ્યા છે. જવાબદાર કર્મીઓ માસિક ભરણના ભાર નીચે દબાયેલા હોવાથી આ અનિયમિતતાઓ સામે તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

કાયદાના નિયમોનો ઉલાળિયો અને તંત્ર દ્વારા કાગળ પર ખાનાપૂર્તિ

વન વિભાગના નિયમો મુજબ સો મિલ સંચાલકોએ લાકડાની આવક-જાવકનું સચોટ રજિસ્ટર નિભાવવું અને ટ્રાન્ઝિટ પાસ રાખવો ફરજિયાત છે. તેમ છતાં કઠલાલમાં આ તમામ નિયમોનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. વન વિભાગ દ્વારા સરપ્રાઇઝ ચેકિંગ કરવાને બદલે માત્ર કાગળ પર ખાનાપૂર્તિ કરાય છે, અને સો મિલ માલિકો જૂના કે ખોટા પાસમાં ગેરકાયદે લાકડાં એડજસ્ટ કરી લે છે. તંત્રની આ ગુનાહિત નિષ્ક્રિયતાને કારણે ખેડા જિલ્લા અને આસપાસના વિસ્તારોમાં વૃક્ષોનું કતલેઆમ થઈ રહ્યું છે અને વન ખાતું પોતાની જવાબદારીઓ ભૂલી ગયું છે.

ખંભાતમાં રાત્રિના સગીરાની છેડતી કરતાં હોબાળો થયો

સગીરાની બૂમાબૂમ પર લોકો દોડી આવતા યુવક ભાગી ગયો

(પ્રતિનિધિ) ખંભાત તા.૩૦

ખંભાત તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિના સમયે એક ૨૫ વર્ષીય યુવકે સગીરાનો હાથ પકડી શારીરિક છેડછાડ કરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ ઘટના અંગે સગીરાના પરિવારજનોની ફરિયાદના આધારે ખંભાત રૂરલ પોલીસે આરોપી યુવક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નગરા ગામ ખાતે રહેતો ચિરાગ ઉર્ફે પાયલોટ રમણભાઈ જાદવ (ઉંમર વર્ષ ૨૫) નામના યુવકે એક સગીરાની શારીરિક છેડછાડ કરી હતી. અચાનક બનેલી આ ઘટનાથી ભયભીત થયેલી સગીરાએ બૂમાબૂમ કરતા જ તેના પરિવારજનો અને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. જોકે, સ્થાનિકોને એકઠા થતા જોઈ ચિરાગ જાદવ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ અંગે સગીરાના પરિવારે ખંભાત રૂરલ પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

આ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે પીડિતાના પરિવારની ફરિયાદના આધારે ચિરાગ ઉર્ફે પાયલોટ રમણભાઈ જાદવ વિરુદ્ધ પોક્સો એક્ટ તેમજ અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી શરૂ કરી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ઉમરેઠમાં ભાડૂઆતે માલિકને ₹ ૧૫ લાખનો ચૂનો ચોપડ્યો

ખાનગી કંપનીમાં ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટના નામે છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

ઉમરેઠમાં આશ્રય આપનારા મકાનમાલિક સાથે જ રૂ. ૧૫ લાખની ઠગાઈ આચરવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નીરમા કંપનીમાં ટ્રાન્સપોર્ટનો મોટો કોન્ટ્રાક્ટ અપાવવાની ખોટી લાલચ આપી રકમ પડાવી લેનાર ભાડૂઆત સામે, પોલીસ અરજી પર કાર્યવાહી ન થતાં આખરે કોર્ટના કડક આદેશ બાદ ઉમરેઠ પોલીસે ગુનો નોંધીને તપાસાત્મક કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરેઠના રહીશ અને ખેતી તેમજ ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા પ્રફુલકુમાર અમૃતલાલ પાઠકના મકાનમાં વર્ષ ૨૦૨૦માં કોરોના કાળ દરમિયાન વિશાલ ગોવિંદભાઈ વાળંદ ભાડૂઆત તરીકે રહેવા આવ્યો હતો. તેણે પોતે નીરમા કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હોવાની ખોટી ઓળખ આપી મકાનમાલિકનો વિશ્વાસ જીત્યો હતો.


જોકે, શાતિર ભાડૂઆતે નીરમા કંપનીમાં કર્મચારીઓ માટે ૧ તવેરા અને ૫ ઈકો કાર મૂકવાનો મોટો કોન્ટ્રાક્ટ ખાલી હોવાની જાળ પાથરી હતી. કોન્ટ્રાક્ટ મેળવવા કંપનીમાં રૂ. ૧૫ લાખ ડિપોઝિટ ભરવી પડશે અને તે બે મહિનામાં પરત મળશે તેવી ખાતરી આપતાં, પ્રફુલકુમારે ટુકડે-ટુકડે રૂ. ૧૫ લાખ ચૂકવી દીધા હતા.

બાદમાં ગઠિયાએ નીરમા પ્રાઇવેટ લિમિટેડના એચ.આર. મેનેજરની સહી-સિક્કાવાળી બોગસ રસીદો તેમજ રૂ. ૫૦ના સ્ટેમ્પ પેપર પર કરારની નકલ પધરાવી દીધી હતી. મેનેજરને મળાવવાના નાટકો કરીને કંપની સુધી લઈ ગયા બાદ મેનેજર ગેરહાજર હોવાનું બહાનુ બતાવ્યું હતું. આ બનાવ અંગે ઉમરેઠ પોલીસ મથકે અરજી કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં પીડિત મકાનમાલિકે ઉમરેઠ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. કોર્ટે મામલાની ગંભીર નોંધ લઈને તુરંત ગુનો નોંધવા આદેશ કરતા, પોલીસે વિશાલ વાળંદ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશાલ વાળંદે આપેલો ચેક પણ બાઉન્સ થયો હતો.

નડિયાદમાં દિવાળીમાં સોની બજાર-આંગડિયા પેઢી ગઠિયાના ટાર્ગેટ પર

નડિયાદ પોલીસ એક્શનમાં, વેપારીઓ સાથે યોજી ખાસ બેઠક



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

દિવાળીના તહેવારો દરમિયાન બજારોમાં વધતી ભીડનો ફાયદો ઉઠાવી કિંમતી આભૂષણો અને મોટી આર્થિક લેવડદેવડ કરતી સોની બજાર તથા આંગડિયા પેઢીઓને નિશાન બનાવતા ગઠિયા અને તસ્કરોને ડામવા માટે નડિયાદ ટાઉન પોલીસ સંપૂર્ણ એલર્ટ બની છે. તહેવારોની સિઝનમાં અવાંછિત બનાવો અને આર્થિક ગુનાઓ અટકાવવાના ખાસ સુરક્ષા એંગલ સાથે પોલીસે વેપારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી તકેદારીના કડક પગલાં લેવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

નડિયાદ શહેરમાં દિવાળી નજીક આવતા જ ખરીદી માટે બજારોમાં લોકોની ભારે ભીડ જામતી હોય છે. આ ભીડભાડનો લાભ લઈને આંગડિયા પેઢીઓ અને કિંમતી ઘરેણાંનો વેપાર કરતા સોની વેપારીઓને ગઠિયાઓ લક્ષ્ય બનાવતા હોય છે. આવા ગુના અટકાવવા માટે પોલીસ પેટ્રોલિંગની સાથે વેપારીઓ સ્વયં જાગૃત રહે તે હેતુથી આ વિશેષ આયોજન કરાયું હતું. નડિયાદ ટાઉન પોલીસ મથકે પોલીસ ઇન્સ્પેક્ટર બી.ડી. શાહની અધ્યક્ષતામાં બપોરના સમયે બેઠક યોજવામાં આવી હતી.

વેપારીઓને મહત્વના નિર્દેશો આપવામાં આવ્યા

હાઈ-ક્વોલિટી CCTV કેમેરા: દુકાનની અંદર અને બહારના ભાગમાં સ્પષ્ટ રેકોર્ડિંગ થાય તેવા ઉચ્ચ ગુણવત્તાવાળા કેમેરા ફરજિયાત લગાવવા, જેથી અજાણ્યા ચહેરા કે શંકાસ્પદ ગતિવિધિ સ્પષ્ટ રેકોર્ડ કરી શકાય.

સતર્કતા અને તાત્કાલિક જાણ: બજાર કે દુકાન આસપાસ કોઈ અજાણી કે શંકાસ્પદ વ્યક્તિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો.

ઓપનિંગ-ક્લોઝિંગ સમયે સાવધાની: દુકાન ખોલતી અને બંધ કરતી વેળાએ પૂરેપૂરી સાવધાની રાખવી તેમજ દુકાનમાં સુરક્ષાના પૂરતા સાધનો રાખવા.

વેપારીઓનો સહયોગ: આ બેઠકમાં સોની બજાર અને આંગડિયા એસોસિએશનના આગેવાનો સહિત મોટી સંખ્યામાં વેપારીઓ હાજર રહ્યા હતા. વેપારીઓએ પોલીસની આ કામગીરીને આવકારી હતી અને તહેવારો દરમિયાન પોલીસ સાથે પૂર્ણ સંકલન જાળવવાની ખાતરી આપી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

નડિયાદ
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225